ગાંધીનગર સમાચાર

નોટબંધીના અજગર ભરડામાં ગુંગળાતુ
રીયલ એસ્ટેટ અને જ્વેલરી બજાર

# પ્રગતિ સેતુમાં સૌથી વધુ પ્રશ્નો ગાંધીનગરમાં રજૂ

## પ્રગતિ સેતુમાં ૮૭૦ પ્રશ્નો રજુ થતાં રાજ્યમાં સૌથી વધુ પ્રશ્નો રજુ થયા હોય તેવો જિલ્લો બન્યો - ...ને પ્રભારી મંત્રીએ પોતે રજુઆત કરી

ગાંધીનગર, તા. ૧૮

આજે ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર પ્રાંતના યોજાયેલ પ્રગતિસેતુ કાર્યક્રમમાં વિકાસના પ્રશ્નો અંગે સૌને રજુઆત કરતા જોઈ પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ પણ આજે તેમના પ્રશ્નની રજુઆત જિલ્લા તંત્રને કરી હતી.



નરોડા પાટિયાથી નાના ચિલોડા માર્ગને પહોળો કરવા માટે વારંવાર રજુઆતો કર્યા પછી પણ તેનો ઉકેલ આવતો ન હોવાથી આજે નેશનલ હાઈવેને લગતા પ્રશ્નોના ટેબલ પર પહોંચેલા જિલ્લાના પ્રભારી મંત્રી અને નરોડાના ધારાસભ્ય ડૉ. નિર્મલા વાઘવાણીએ આ અંગે તેમની રજુઆત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ તેમની આ રજુઆતનો સકારાત્મક પ્રત્યુત્તર આપવાનો નિર્ણય કરી ઝડપથી કામ હાથ ધરાશે તેમ જણાવ્યુ છે.

પ્રભારી મંત્રીએ આજે પ્રગતિ સેતુ કાર્યક્રમની વ્યવસ્થા અને સુવિધાઓ તેમજ પ્રશ્નો જે રજુ થઈ રહ્યા હતા તે અંગેની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



સવારનું સૌંદર્ય - શિયાળાની સવાર મન અને તન માટે ઉપકારક છે... અદ્‌ભૂત માહોલ વચ્ચે આરંભાતુ શિયાળાનું પ્રભાત શારિરીક મજબૂતાઈ માટે પણ સાનુકૂળ છે... શહેરના ઘ-૪ વિસ્તારથી કેમેરા કંડારાયેલ શહેરનું પ્રભાત દર્શન રમણીય લાગે છે... સરદાર પટેલની પ્રતિમા અને સૂર્યોદયનું અદ્‌ભૂત સંયોજન શહેરના પ્રાકૃતિક વૈભવને અભિવ્યક્ત કરે છે...

# પગાર-પેન્શન તારીખે ઉપાડ મર્યાદા વધારાશે?

## નોટબંધીના પગલે સેવિંગ અકાઉન્ટમાંથી ૨૪ હજાર ઉપાડવાની મર્યાદા પગાર અને પેન્શનની તારીખોમાં વધારવામાં આવે તેવી માંગ

ગાંધીનગર, તા. ૧૮

૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોને ચલણમાંથી દૂર કરવાના નિર્ણયના કારણે સામાન્ય જનતાની ઉંઘ હરામ થઈ ગઈ છે. ૧લી ડિસેમ્બરે પગાર અને પેન્શનની તારીખોમાં જો ઉપાડવાની મર્યાદા વધારવામાં નહીં આવે તો કર્મચારીઓને નિવૃત્તોને ખુબ તકલીફોનો સામનો કરવો પડી શકે છે. કર્મચારીઓ અને નિવૃત્તો આ જ ટેન્શનમાં દિવસો પસાર કરી રહ્યા છે.

નોટબંધીનો નિર્ણય સામાન્ય લોકોને પરેશાન કરી રહ્યો છે. નાનો મોટો રોકડનો વ્યવહાર કરતા નાના વ્યાપારીઓ, દુકાનદારો અને લારી-ગલ્લાવાળાઓ આ નોટબંધીથી ખુબ જ હેરાન છે. કર્મચારીઓ અને નિવૃત્તોને પોતાના કામ ધંધા પડતા મુકીને નવી નોટો મેળવવા બેંકોની બહાર લાંબી કતારોમાં ઉભા છે. સરકારી કર્મચારીઓ અને નિવૃત્તો પગાર-પેન્શનની તારીખમાં શુ થશે તેની ચિંતા કરી રહ્યા છે. ઘણા કર્મચારીઓ અને નિવૃત્ત ઘર ખર્ચ માટે દર મહિને દસથી ત્રીસ હજાર જેટલી રકમનો ઉપાડ એક સાથે કરે છે. ખાસ કરીને નિવૃત્તો એક સાથે મોટી રકમ ઉપાડીને એક મહિનો આરામથી ઘરખર્ચ ચલાવે છે.

હાલમાં ઉપાડની મર્યાદા ખુબ ઓછી છે. લોકોને પોતાના જ પૈસા ઉપાડવા માટે લાઈનમાં ઉભા રહેવુ પડે છે. પગાર અને પેન્શનની તારીખોમાં ઉપાડની મર્યાદા વધારવામાં આવે તેવી સૌની માંગણી છે. જેથી કરીને કર્મચારીઓ અને નિવૃત્તોને હેરાન ન થવુ પડે.

# જિલ્લા પંચાયતને પંચાયત સંકુલ બનાવવા તાકીદે જમીન ફાળવો

## ભાજપના સભ્યોએ કરેલી માંગથી રાજકીય ગરમાવો; દંતાલીમાં દલિતોને ઘરથાળના પ્લોટ હજુ ફળવાયા ન હોવાની એસ.એન. પરમારની રજુઆત તો સોનારડા સરપંચે કુંવરબાઈ મામેરૂ યોજનામાં સહાય વધારવા કરેલી રજુઆત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતને તેની પોતાની કચેરી બનાવવા માટે જમીન ફાળવણી તાત્કાલિક કરવી જોઈએ, જિલ્લામાં આંબેડકર આવાસ યોજનાનો લક્ષ્યાંક વધારવો જોઈએ તેવા મહત્વના પ્રશ્નો આજે ગાંધીનગર પ્રાંતના પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ભાજપના પંચાયત પક્ષના અગ્રણી સભ્ય જયેશ ચૌધરીએ રજુ કરતાં જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરી માટે અલાયદી જગ્યા ફાળવવી જોઈએ તેવી ૧૯૮૫થી સતત રજુઆતો થઈ રહી છે પરંતુ ગાંધીનગરના ખેડૂતોની જમીન પર જ બનેલ ગાંધીનગરમાં તેને જમીન ફાળવવામાં આવતી નથી.

આ અંગે છેલ્લે તત્કાલીન પંચાયત પ્રમુખ હીના પટેલના અધ્યક્ષસ્થપદે મળેલ સામાન્ય સભામાં પણ પ્રસ્તાવ પસાર થયો

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધીના અજગરી ભરડામાં ગુંગળાતુ રીયલ એસ્ટેટ અને જવેલરી બજાર

## દિવાળી પુર્વે ધમધમતી કન્સ્ટ્રકશન સાઇટ પર સુનકાર : બિલ્ડરો પાસે મજુરોને આપવાના પૈસા પણ નથી : રોકડીયા વ્યવ્હારથી ચાલતુ માર્કેટ યાર્ડ પણ ઠપ્પ : સોની બજારમાં પણ કોઇ ફરકતુ નથી

ગાંધીનગર તા ૧૮

નોટબંધીના લીધે આમ નાગરિકો પરેશાન છે. જયારે નાના મોટા વેપારીઓને પણ બજારમાંથી ખાલીહાથે પાછા ફરવાનો વારો આવે છે. આવા સંજોગોમાં રીયલ એસ્ટેટ અને જવેલરી બજારનો ધંધો સાવ ઠપ્પ થઈ ગયો છે. શહેરની આસપાસના વિસ્તારમાં પણ ધમધમતી કન્સ્ટ્રકશન સાઈટ પર સુનકાર જોવા મળે છે.બિલ્ડરો પાસે મજુરોને ચુકવવા માટેના પૈસા પણ નથી. જયારે સી સી ટી વી કેમેરાની વોચ હેઠળ જવેલરી શો રૂમમાં પાનકાર્ડ બતાવી સોનુ ખરીદવા માટે પણ કોઈ ફરકતુ નથી. આમ નાગરિકો બેંકની કતારમાં ઉભેલા જોવા મળે છે. પરંતુ કરોડોનો વેપાર માંડીને બેઠેલા બિલ્ડરો અને જવેલરીઓ માટે પણ નોટ બંધી અત્યંત કપરા ચઢાણ સમાન પુરવાર થઈ છે. આર્થિક ભીંસના સંજોગોમાં નુકશાની વગર બહાર કેમ નિકળવુ તેની મથામણ મુખ્ય બની છે.

નોટ બંધીના ૧૦ દિવસ બાદ પરિસ્થિતિ વધુ તંગ બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થઈ રહયુ છે. કાળાબજારિયાઓને ડામવા માટે રોજબરોજ નતનવા નિયમોના આધારે કેશ બદલાવવા માટે આમ નાગરિકો બેંકો બહાર થતી કતારનો હિસ્સો બને છે. સરકાર દ્વારા કેશ બદલવાની સીમા ઘટાડી દેવાતા સામાન્ય નાગરિકો વધુ બેહાલ બન્યા છે. દલાલો અને લાઇનમેનથી ઉભરતી કતારને તોડવા માટે સરકાર દ્વારા આ પગલુ લેવાયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરંતુ રોજ ધંધો કરીને પેટીયુ રળતા નાના વેપારીઓ પણ દયનીય હાલતમાં મુકાઇ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિક પટેલને હરિદ્વાર જવા માટેની હાઈકોર્ટની શરતી મંજુરી

અમદાવાદ, તા.૧૮

પાટીદાર સમુદાયના લોકો માટે અનામતની માંગણી કરીને ગુજરાતભરમાં ચર્ચા જગાવનાર હાર્દિક પટેલને હરિદ્વાર જવા માટેની મંજુરી મળી ગઇ છે. હાર્દિકને ગુજરાત હાઈકોર્ટે શરતી મંજુરી આપી છે. ૧૫ દિવસ ઉદેપુર છોડીને તે હરિદ્વાર જઈ શકશે. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલા તોફાન કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજય બહાર રહેવાનો આદેશ કરતાં હાર્દિક પટેલ હાલમાં ઉદયપુર ખાતે ૬ મહિનાનો સમય ગાળી રહ્યા છે. જો કે, ઉદયપુરથી કોઈક કારણોસર હાર્દિક પટેલે બાકીનો સમય હરિદ્વાર રહેવા માટે મંજુરી માંગી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજદ્રોહ સહિતના આરોપો અંતર્ગત જામીન પર છ મહિના ગુજરાત બહાર રહેવાની શરતે જામીન પર મુક્ત હાર્દિક પટેલ પર ઉદયપુરમાં પોલીસ ચાંપતી નજર રાખી રહી હતી. ત્યારે તે મુદ્દે પણ ભાજપ અને હાર્દિક પટેલ આમનેસામને આવી ગયા હતા. રાજસ્થાનમાં ભાજપની જ સરકાર હોવાથી પોલીસ તંત્રનો ઉદયપુરમાં પણ દુરુપયોગ કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

# આર ટી ઓ કચેરીમાં બેંકની જેમ ફોર્મ ભરીને જુની નોટો સ્વીકારવામાં આવે છે

## જુની નોટો દંડ, ટેક્ષ, લાયસન્સ સહીતની કામગીરી માટે સ્વીકારવામાં આવે છે

ગાંધીનગર તા ૧૮

આર ટી ઓ કચેરીમાં વાહન નોંધણી, ટેક્ષ તેમજ લાયસન્સ સહીતની કામગીરી માટે અરજદારો પાસેથી જુની નોટો સ્વીકારવામાં આવે છે. પરંતુ આ માટે આર ટી ઓ તંત્ર દ્વારા અરજદાર પાસે ફોર્મ ભરાવવામાં આવે છે. બેંકની જેમ અરજદાર પાસે નોટોના નંબર સહીતની વિગતો દર્શાવતુ ફોર્મ ભરીને જ નોટો સ્વીકારવામાં આવે છે. જો કે ગઈકાલે ટેકનિકલ ખામીના લીધે સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. પરંતુ હવે અરજદારોને હાલાકી ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

જુની ચલણી નોટો બંધ થયા બાદ સરકાર દ્વારા ટેક્ષ અને વેરાની રકમ ભરપાઈ કરવા માટે જુની નોટો સ્વીકારવાની છુટછાટ આપી છે. વિજળી પાણી અને મિલ્કતવેરા માટે પણ જુની નોટો સ્વીકારવામાં આવે છે. જયારે આર ટી ઓ કચેરીમાં વાહનોની નોંધણી તેમજ ટેક્ષ અને લાયસન્સ ફી,એન ઓ સી,આર સી બુક અને દંડ સહીતની કામગીરીમાં પણ જુની નોટો સ્વીકારવામાં આવે છે. આર ટી ઓ દ્વારા જુની નોટો સ્વીકારવામાં આવતા અરજદારોની હાલાકીનો અંત આવ્યો છે.પરંતુ ગઈકાલે સર્વર ડાઉન થતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. આર ટી ઓના સુત્રોના જણાંવ્યા મુજબ આર ટી ઓ કચેરીમાં આવતા અરજદાર પાસે બેંકની જેમ ફોર્મ ભરાવીને જુની નોટો સ્વીકારવામાં આવે છે. જેમાં નોટોના નંબર સહીતની વિગતો અરજદારોએ ભરવાની રહેશે. કોઈપણ અરજદાર એડવાન્સ ટેક્ષ ન ચુકવે કે અન્ય કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જરૂરી તમામ તકેદારી રાખવામાં આવી છે.

# એસ.ટી.ની નવી ભાડા યોજના : ૧૫ દિવસના ભાડામાં મહિનો મુસાફરી

## ગાંધીનગર ડેપોમાં ૪૪૦૦ પાસ ધારકો રોજ અપડાઉન કરે છે : છુટા ન હોય તેવા કિસ્સામાં ટીકીટ પાછળ નોંધ પાડવાની જુની પધ્ધતિ યથાવત

ગાંધીનગર તા ૧૮

એસ ટી નિગમ દ્વારા ૧૫ દિવસનુ ભાડુ ચુકવી ૩૦ દિવસની મુસાફરી કરવાની યોજના જાહેર કરવામાં આવી છે. જયારે આ યોજનાનો પ્રારંભ આજથી થશે. ૫૦૦ અને હજારની ચલણી નોટો બંધ થયા બાદ છુટા પૈસાની પળોજણ એસ ટી તંત્ર માટે પણ શિરદર્દ સમાન બની છે. ગાંધીનગર ડેપોમાં પણ બસમાં મુસાફરી કરતા અપડાઉનકર્તાઓને ટિકિટ પાછળ નોંધ કરી છુટા પૈસા આપવાની ફરજ પડે છે. જો કે ગાંધીનગર ડેપોમાંથી નિયમિત અપડાઉન કરતા મુસાફરો પૈકી ૪૪૦૦ પાસ ધારકો હોવાથી ડેપો તંત્રને રાહત છે. જયારે એસ ટી નિગમ દ્વારા નવી યોજના જાહેર થતા મુસાફરોને પણ લાભ થશે.

જુની ૫૦૦ અને હજારની નોટબંધી થયા બાદ બજારમાં છુટા પૈસાની લેવડદેવડ રકઝકનો મામલો બની ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સમાન્યસભા બપોરે બે વાગે મનપાના સભાખંડમાં મળશે. મેયરશ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં બે નાના વહીવટીય મુદ્દાઓ એજન્ડામાં સમાવાયા છે. આ બેઠકને લઈ વિપક્ષમાં પણ બહુ ઉત્સાહ જણાતો નથી. આ બેઠકને સત્તાધારી પક્ષ રૂટીન બેઠક લેખાવી રહેલ છે.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com